કોઇની પાસેથી મને કંઇ જ અપેક્ષા નથી એવો નિશ્ચય જેના ચિત્તમાં આવ્યો છે તે મનુષ્ય સ્વતંત્ર અને મહાન છે

- સ્વામી વિવેકાનંદ


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૬૦ | ૩૦ નવેમ્બર, ૨૦૧૨, શુક્રવાર; કારતક વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરમાં મોડી સાંજે ઉમેદવારો જાહેર

**ગાંધીનગર (ઉત્તર)ની બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે અશોક આર. પટેલ (કોલવડા), જ્યારે કોંગ્રેસના ઉમેદવાર તરીકે નિશીથ વ્યાસ અને પરિવર્તન પાર્ટીના ઉમેદવાર તરીકે એમ.આર. પટેલની જાહેરાત : ગાંધીનગર (દક્ષિણ)ની બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે વર્તમાન ધારાસભ્ય શંભુજી ઠાકોર અને કોંગ્રેસના ઉમેદવાર તરીકે લાલભાઈ પટેલ તથા પરિવર્તના પાર્ટીના ઉમેદવાર તરીકે શૈલેષ પટેલની જાહેરાત : દહેગામની બેઠક પર ભાજપ તરફથી રોહિતજી ઠાકોર અને કોંગ્રેસના ઉમેદવાર તરીકે કામિનીબેન રાઠોડની સત્તાવાર જાહેરાત : માણસા બેઠક માટે કોંગ્રેસ હજુ અવઢવમાં**

## ભાજપના વધુ ત્રણ ઉમેદવારોની જાહેરાત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાની બાકી રહેલી ત્રણ વિધાનસભા મતવિસ્તારો માટે ભાજપે આજે તેના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. જેમાં વર્તમાન ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરને ગાંધીનગર (દ)ની બેઠક પર પુનઃ પસંદ કરવામાં આવ્યા છે. જ્યારે પેટા ચૂંટણીમાં દહેગામ બેઠક પરથી ચૂંટાયેલા કલ્યાણસિંહ ચૌહાણને પડતા મુકવામાં આવ્યા છે.





ભાજપના પ્રદેશ એકમ દ્વારા આજે ગઈકાલે બાકી રહેલી પાંચ બેઠકો માટેના ઉમેદવારોની જાહેરાત કરી છે. જેમાં ગાંધીનગર (ઉ) બેઠક જિલ્લાના સહકારી અગ્રણી અને યુવાન ઉમેદવાર શ્રી અશોક પટેલ (કોલવડા)ની પસંદગી કરવામાં આવી છે.

દહેગામ બેઠક માટે ઠાકોર સમાજના ભામાશા ગણાતા રોહિતજી ઠાકોરની પસંદગી કરી છે જ્યારે પ્રાંતિજની બેઠક માટે રાજ્ય શિક્ષણમંત્રી શ્રી જયસિંહ ચૌહાણની પુનઃ પસંદગી કરવામાં આવી છે.

જિલ્લાની ત્રણેય બેઠક પરના ઉમેદવારોની આજે ભાજપે જાહેરાત કરી દીધી છે અને આ ઉમેદવારો કાલે વિજય મુહૂર્તમાં ભાજપના કાર્યાલય ખાતેથી સરઘસાકારે નીકળી કલેક્ટર કચેરી પહોંચી તેમના ઉમેદવારી પત્રો રજુ કરશે. ભાજપના પાંચેય ઉમેદવારો એક સાથે તેમના ઉમેદવારી પત્રો ભરવા માટે જશે તેમ જાણવા મળેલ છે.

ભાજપ દ્વારા ગઈકાલે ૮૯ બેઠકો માટેના ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા હતા જેમાં ભૂજ બેઠક, પેટલાદ બેઠક, બોટાદ બેઠક, કપડવંજ બેઠક સહીત ૬ જેટલી બેઠકો પર ટીકીટો નહી મળતાં ટીકીટ વાંચ્છુઓ અને નારાજ ધારાસભ્યોમાં રોષ ઉઠવા પામ્યો છે અને ભાજપાના સત્તાવાર ઉમેદવાર સામે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે.

કેટલીક વિધાનસભા મતવિસ્તારોમાં પક્ષના ઉમેદવારોને લઈને નારાજ કાર્યકરો અને આગેવાનોએ ભાજપમાંથી રાજીનામુ આપી દીધા છે.

## ગુજરાત પરિવર્તન પાર્ટીમાંથી ગાંધીનગર (ઉત્તર)માં એમ.આર. પટેલ

ગાંધીનગર, તા. ૨૯



પરિવર્તન પાર્ટીએ પણ આજે મોડી રાત્રે ગાંધીનગર જિલ્લાની બે બેઠકો માટેના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

ગાંધીનગર (ઉ) બેઠક માટે શ્રી એમ.આર. પટેલ તથા ગાંધીનગર (દ) બેઠક માટે શ્રી શૈલેષ પટેલની પસંદગી કરવામાં આવી છે. આ બન્ને ઉમેદવારો આજે તેમના ઉમેદવારી પત્રો ભરશે.

## કોંગ્રેસની ત્રણ બેઠકોની જાહેરાત : માણસા બાકી


ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાની કોંગ્રેસ પક્ષે બાકી રહેલી ચાર બેઠકોમાંથી ત્રણ બેઠકો પરના ઉમેદવારની મોડી રાત્રે જાહેરાત કરી છે. જેમાં ગાંધીનગર (ઉ) બેઠક પરથી નિશીત વ્યાસ, દહેગામ બેઠક પરથી કામિનીબેન રાઠોડ તથા ગાંધીનગર (દ) બેઠક પરથી શ્રી લાલભાઈ પટેલની પસંદગી થઈ છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર (દ)ની બેઠક માટે પ્રબળ દાવેદાર ગણાતા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નરહરિ અમીનના નામની બાદબાકી થઈ છે જ્યારે તેમના બદલે અડાલજ ગામના અગ્રણી શ્રી લાલભાઈ પટેલની પસંદગી કરવામાં આવી છે.

બીજી તરફ દહેગામ બેઠક માટે પૂર્વ નગરપતિ કામિનીબેન રાઠોડની પસંદગીને મોવડીમંડળે બહાલી આપી દીધી છે. આ બેઠક પર મહિલા ઉમેદવારની પસંદગી કરતાં સ્થાનિક આગેવાનોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર (ઉ) બેઠક માટે



કોંગ્રેસ પક્ષે પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસની પસંદગી કરી છે. શ્રી નિશીત વ્યાસ એન.એસ.યુ.આઈ. યુવા કોંગ્રેસમાં પણ વિવિધ હોદ્દાઓ પર સેવાઓ આપી ચુક્યા છે.

ગાંધીનગર (દ) બેઠક માટે પસંદ કરાયેલા શ્રી લાલભાઈ પટેલની

● અનુસંધાન પાન-૭ પર

## શંકરસિંહ વાઘેલા કપડવંજથી તો મહેન્દ્રસિંહ વાઘેલા બાયડથી જંગ લડશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના વતની અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલાની પસંદગી કપડવંજ બેઠક પર કરવામાં આવી છે જ્યારે સાબરકાંઠા





જિલ્લાની બાયડ બેઠક માટે જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને વર્તમાન ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાની પસંદગી કરવામાં આવી છે.

ઉત્તર ગુજરાતમાંથી પિતા-પુત્ર બન્ને એક સાથે આ વેળાએ ચૂંટણી જંગમાં ઝુકાવતાં જિલ્લાના રાજકારણમાં પણ ગરમાવો આવ્યો છે.

શ્રી શંકરસિંહ વાઘેલા અને શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા આજે સવારે વાસણીયા મહાદેવ ખાતે પૂજા-અર્ચના કર્યા બાદ કપડવંજ અને બાયડ જવા રવાના થશે.

● અનુસંધાન પાન-૭ પર

